## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મારૂજને... માળો હાળો છેતરી ગયો... મારી છોકરીને પરણતી વખતે કહેતો હતો કે હું ચ્હાવાળો છું... મારુ ભવિષ્ય ઊજવળ છે... આજે ત્રણ વર્ષ પછી એવોને એવો છે...!!

# સાસરીયાઓના ત્રાસથી કંટાળી સે-૫ની પરિણીતાનો ગળેફાંસો

### પતિ અને સાસુ સહિત પાંચ સામે પરિણીતાની સ્યુસાઈડ નોટ આધારે ગુનોં દાખલ

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૫ સી માં રહેતી પરિણીતાએ ગઈ મોડી રાત્રે પોતાની સાસરીમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પતિ, સાસુ, દિયર સહિત પરિવારના પાંચ સભ્યો તેણીને શારીરીક-માનસીક ત્રાસ આપતા હોવાની ફરિયાદ અને સ્યુસાઈડ નોટને આધારે સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ કાળાતે આપઘાતના દુષ્પ્રેરણનો ગુનોં નોંધી બારીકાઈથી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૫ સી પ્લોટ નં- ૮૩૭-૨ ખાતે રહેતી પરિણીતા દેવીકાબેન અશ્વિનભાઈ પરમારે ગઈ મોડી રાત્રે પોતાના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ સેકટર-૭ પોલીસને થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ ગાંધીનગર સિવિલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનોં દાખલ કરી તપાસ હાથ ધરી છે. સ્યુસાઈડ સ્થળેથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હોવાનું પોલીસનું કહેવું છે. નોટ કબ્જે લઈ મૃતકના સગા દેવરાજભાઈ ગોરધનભાઈ ચૌહાણની ફરિયાદને આધારે મૃતકના સાસરીયા સામે પોલીસે આપઘાતના દુષ્પ્રેરણ બદલ કાર્યવાહી શરુ કરી છે. પોલીસે અશ્વિનભાઈ કરશનભાઈ પરમાર, સંજય કરશનભાઈ પરમાર, પારુબેન કરશનભાઈ પરમાર, વસંતભાઈ પુંજાભાઈ પરમાર, અને હીરાબેન વસંતભાઈ પરમાર સામે ગુનોં દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.




કોંગ્રેસ સંપર્ક યાત્રા : ગાંધીનગર શહેરમાં ઘર - ઘર કોંગ્રેસ અભિયાન હેઠળ સોમવારે પણ શહેર કોંગ્રેસ દ્વારા મતદારોના સંપર્કનો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાયો હતો.

# નવી મતકુટિરમાં તમારો મત સંપૂર્ણ ગુપ્ત રહેશે

### બે ફુટ બાય બે ફુટની મતકુટિરની ઉંચાઈ અઢી ફુટની રહેશે : મતકુટિરમાં બે બેલેટ યુનિટ અને એક વીવીપેટ આસાનીથી સમાઈ શકશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીઓનો માહોલ પુરબહારમાં જામ્યો છે. આ વખતની ચુંટણીઓ સત્તા પક્ષ માટે કપરાં ચઢાણના એંધાણ વર્તાવી રહી છે તો બીજી તરફ વિપક્ષ માટે પણ ચુંટણી જીતવી એટલી સરળ જણાતી નથી. આ સંજોગોમાં ગુજરાતનો શાણો મતદાર તમામ વિકલ્પોને શાંતિથી અને ઠાવકાઈથી નિહાળી રહ્યો છે અને તેનું મન કળવા દેતો નથી. આમ પણ મતદાનમાં ગુપ્તતા જાળવવી તે તંદુરસ્ત લોકશાહી માટે અગત્યનું પરિબળ છે અને ચુંટણી પંચ દ્વારા લોકશાહીનું આ પવિત્ર પર્વ ન્યાયિક અને પારદર્શિતા સાથે ઉજવાય તે માટે સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ વખતે મતદાનની ગુપ્તતા જળવાય તે હેતુથી ચુંટણી પંચ દ્વારા મતકુટિરની ડિઝાઈન પણ બદલવામાં આવી છે.



ચુંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ માટે ઈવીએમ મશીન સાથે વીવીપેટની સુવિધા ઉપરાંત અનેક પ્રકારના નાના-મોટા પરિવર્તનો કરવામાં આવ્યા છે. ચુંટણી પંચ દ્વારા આ વખતે નવી ડિઝાઈનની મત કુટિર તૈયાર કરવામાં આવી છે જેને વધુ ઉંચી અને ફેન્સી બનાવાઈ છે. આ મતકુટિરમાં મતદાતાએ ઈવીએમ પર કયા ઉમેદવારને વોટ આપવા બટન દબાવ્યું તે જાણવું મતદાન મથકમાં ઉપસ્થિત તમામ માટે અશકય બનશે. વળી મતદાન બાદ વીવીપેટ મશીન પર માત્ર મતદાતા જ તેના મતની ખરાઈ નિહાળી શકશે.

નવી વ્યવસ્થા પ્રમાણે મત કુટિર સ્ટીલ ગ્રે કલરની બનાવાઈ છે જે અપારદર્શક છે. આ મતકુટિર ૨૪ ઈંચ લાંબી, ૨૪ ઈંચ પહોળી અને ૩૦ ઈંચ ઉંચાઈ ધરાવે છે અને તેની ત્રણ બાજુઓમાંથી સામેની બાજુ પર ભારતના ચુંટણીપંચનો સિમ્બોલ, રાજયનું નામ, મત વિભાગનું નામ, ચુંટણીની તારીખ, મતદાનમથકનો નંબર તથા નામ વગેરે જરુરી વિગતો છાપેલી રહેશે જયારે બાકીની બે બાજુમાં ચુંટણી પંચના પ્રતિક સાથે 'ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા-વોટિંગ કમ્પાર્ટમેન્ટ' એવું લખેલું હશે. મતદાર કુટિરની બે વાય બે ફુટની જગ્યામાં આસાનીથી ઈવીએમનું બેલેટ યુનિટ તથા વીવીપેટ મશીન સમાઈ શકશે. જેમાં ૧૫થી વધુ ઉમેદવારો હોય ત્યારે ઉપયોગમાં લેવાનારા બે બેલેટ યુનિટ પણ સમાઈ શકે છે.

# નહેરૂના જન્મદિનથી કોંગ્રેસ દ્વારા ઘેર ઘેર કોંગ્રેસ અભિયાન આરંભાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા પંડિત જવાહરલાલ નેહરૂના જન્મ દિવસની ઉજવણી ચારેય તાલુકા મથકો પર પુષ્પાંજલિ અર્પી કરવામાં આવશે તેમજ જિલ્લાભરમાં 'ઘેર-ઘેર કોંગ્રેસ અભિયાન'નો પણ વિધિવત્ આરંભ કરાશે.

અખબારારી યાદીમાં જણાવાયા મુજબ નવસર્જન ગુજરાતના ધ્યેય સાથે કોંગ્રેસના કાર્યકરો આજથી ઘેર-ઘેર જશે. ગાંધીનગર શહેરમાં સે. ૨૫ સંતોષી માતાના મંદિરેથી સવારે ૮.૩૦ વાગે આ અભિયાનનો વિધિવત્ આરંભ કરવામાં આવશે.

૯.૩૦ વાગે રાંધેજા ભાગોળ ખાતેથી દહેગામ તાલુકામાં સવારે ૯.૩૦ વાગે રખિયાલ બસ સ્ટેન્ડ ખાતેથી તેમજ માણસા શહેરના માલવણ ખાતેથી પણ ૯.૩૦ વાગે અને કલોલ શહેરના બળીયાદેવ પૂર્વ વિભાગ ખાતેથી પણ સાડા નવ વાગે જ આરંભ થશે. આ અભિયાનમાં શહેર-જિલ્લાના હોદ્દેદારો, આગેવાનો અને કાર્યકરો જોડાશે.

## શહેરમાંથી ડેન્ગ્યુનો વધુ ૧ કેસ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુનો વધુ ૧ કેસ મળી આવતાં ચાલુ સિઝનમાં આ રોગના દર્દીઓનીસંખ્યા વધીને ૫૦ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે સે. ૧૫ સ્થિત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ખાતે એથ્લેટીક્સ મીટમાં ભાગ લેવા આવેલ યુવતી ખેલાડી આ ડેન્ગ્યુનો શિકાર બનેલ છે.

મનપાના મેલેરિયા તંત્રએ ખેલાડીને જ્યાં રાખેલ ત્યાં સ્થળની વિઝીટ કરી અને એન્ટી લારવેલની કામગીરી કરી છે. આ સ્થળે મચ્છરોની ઉત્પત્તિ જણાઈ નથી.

મળતી વિગતો પ્રમાણે આ યુવતી યુ.પી. જવા રવાના થઈ ગઈ છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# ભાજપની જનસંપર્ક યાત્રા યથાવત રહેશે

### પ્રદેશ ભાજપના નેતા ભીખુ દલસાણિયાએ ટેલી કોલિંગના માધ્યમથી કાર્યકરોની કામગીરી બિરદાવી

ગાંધીનગર તા ૧૩

આગામી વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપ દ્વારા ગૌરવ મહાસંપર્ક અભિયાન હાથ ધરાયુ છે. આ અન્વયે ગાંધીનગરમાં પણ ભાજપના નેતાઓ અને કાર્યકરોએ સેકટરોની શેરીઓમાં ફરી ઘર ઘર સુધી પ્રધાનમંત્રીનો સંદેશો પહોંચતો કર્યો હતો. જયારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ગઈકાલે મળેલી બેઠકમાં વોર્ડ પ્રમુખોને બાકી રહેતા વિસ્તારોને આવરી લેવા આગામી સપ્તાહ સુધી મહાસંપર્ક અભિયાન કાર્યરત રાખવા માટે પણ જણાંવ્યુ હતુ. પ્રદેશ ભાજપના ભીખુ દલસાણિયાએ પણ મહાસંપર્ક યાત્રા દરમિયાન કાર્યકરોની કામગીરીને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

વિધાનસભાની ચુંટણીને ધ્યાને લઈ ભાજપે ઘર ઘર સુધી પ્રધાનમંત્રીનો સંદેશો પાઠવવા માટે ગૌરવ મહાસંપર્ક અભિયાન હાથ ધર્યુ હતુ. તા ૭ થી ૧૨ નવેમ્બર દરમિયાન રાજયના વિવિધ શહેરોમાં ભાજપ દ્વારા ગૌરવ મહાસંપર્ક અભિયાન આરંભાયુ હતુ. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સહીત પક્ષના નેતાઓ આમ નાગરિકો સાથેના આ સંપર્ક પ્રવાસમાં જોડાયા હતા. ગાંધીનગરમાં પણ મહાસંપર્ક અભિયાન અન્વયે વોર્ડ પ્રમુખો સહીત કાર્યકરો અને સ્થાનિક નેતાઓ ઘરે ઘરે પહોંચી ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીત અપાવવા મતદારોને અપીલ કરતા નજરે પડયા હતા. જયારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ગઈકાલની બેઠક દરમિયાન મહાસંપર્ક અભિયાન અન્વયે બાકી રહેતી કામગીરીને ધ્યાને લઈ કાર્યકરોને આગામી સપ્તાહમાં સંપર્ક યાત્રા યથાવત રાખવા પણ જણાંવ્યુ હતુ. જયારે ભાજપ પ્રદેશના નેતા ભીખુ દલસાણિયાએ પણ કાર્યકરોને જનસંપર્ક યાત્રાની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



# એક મહીનાથી વર્ક ઓર્ડર આપી દેવાયો છતા કોર્ટ બિલ્ડીંગનુ કામ શરૂ થયુ નથી

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં સે-૧૧ સ્થિત કોર્ટ બિલ્ડીંગમાં નવા ત્રણ માળ બાંધવાનુ કામ અટવાયુ છે. કોર્ટ બિલ્ડીંગના ધાબે સોલાર પેનલ સિસ્ટમ કાર્યરત હોવાની સાથે બિલ્ડીંગમાં નવા માળ બાંધતા પુર્વે વકીલોની બેઠક વ્યવસ્થા પણ અન્યત્ર ખસેડવાની અનિવાર્યતા છે. ત્યારે કોર્ટ બિલ્ડીંગની કામગીરીને અનુલક્ષી વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ એક મહીનાના અંતે પણ કામ શરૂ કરવામાં વિલંબ થયો છે.

ગાંધીનગર કોર્ટ બિલ્ડીંગમાં નવા માળ બાંધવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીય હાથ ધરી સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દીધો છે. હયાત કોર્ટ બિલ્ડીંગમાં ધાબા પર સોલાર પેનલ સિસ્ટમ કાર્યરત છે.જયારે કામગીરી શરૂ કરતા પુર્વે આ કામ નિપટાવવાની અનિવાર્યતા હોવાથી તંત્ર માટે મુંઝવણ ઉભી થઈ છે. બીજીતરફ કોર્ટ સંકુલમાં સ્થિત શેડમાં વકીલોની બેઠક વ્યવસ્થા પણ અન્યત્ર ખસેડવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેને અનુલક્ષી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. કાર્ટ બિલ્ડીંગમાં નવા માળ બાંધવા સહીત કમ્પાઉન્ડ વોલ તેમજ લીફટ સહીતની તમામ સુવિધાઓ ઉભી કરવા માટે તંત્ર દ્રારા કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. તંત્ર દ્રારા ટેન્ડર પ્રક્રીયાના અંતે જવાબદાર એજન્સીને વર્ક ઓડર પણ આપી દેવાયો છે. પરંતુ એક મહીનાના અંતે હજુ કાર્ટ બિલ્ડીંગને અપગ્રેડ કરવાનુ કામ શરૂ કરાયુ નથી.

# શૌચાલયોની સ્વચ્છતા અંગે ફિડબેક સિસ્ટમ મનપાનું તંત્ર લગાવી મોનીટરીંગ કરશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના જાહેર શૌચાલયોની સ્વચ્છતા અંગે ફિડબેક સિસ્ટમ સ્વચ્છતા સર્વેક્ષણની તૈયારીના ભાગરૂપે લગાવવાનો નિર્ણય કરેલ છે.

શહેરમાં મનપા દ્વારા જાહેર શૌચાલયમાં આ ફિડબેંક સિસ્ટમ લગાડવાની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે. ૨૦થી વધુ શૌચાલયોમાં તે લાગી ચુકી છે અને મંગળવાર સાંજ સુધીમાં બાકીના તમામ શૌચાલયોમાં તે લાગી જશે.

આ ફિડબેક સિસ્ટમનું મનપાની કચેરીમાંથી રોજેરોજ મોનીટરીંગ પણ કરવામાં આવશે. આ માટેની વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે. આ બધી જ એક સપ્તાહમાં કાર્યરત થઈ જશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યું છે. મનપા દ્વારા રૂ. ૪૫ હજારથી વધુનો ખર્ચ આ સિસ્ટમ લગાડવા પાછળ કરવામાં આવનાર છે.

આ ફિડબેક સિસ્ટમમાં ત્રણ બટન હશે. જેમાં સ્વચ્છતાની કામગીરી સારી લાગે તો ગ્રીન બટન; ઠીકઠીક લાગે તો યલો અને ખરાબ લાગે તો રેડ બટન વપરાશકર્તાએ દબાવી પોતાનો ફિડબેક આપવાનો રહેશે.

મળતી વિગતો પ્રમાણે રોજેરોજના મોનીટરીંગ પછી સ્વચ્છતામાં ઉદાસીન રહેતી એજન્સી સામે આગળની કાર્યવાહી મનપાના તંત્ર દ્વારા કરવામાં આવશે.

તાજેતરમાં શહેરના શૌચાલયોની સેનેટરી ઈન્સ્પેક્ટરની ટીમ દ્વારા કરાયેલ ઓચીંતી તપાસ દરમ્યાન ઘણી બધી ચોંકાવનારી વિગતો બહાર આવ્યા બાદ એજન્સીઓને નોટીસ આપવાની ઘટના અખબારોના પાને ચમકી હતી જે ઉલ્લેખનીય છે.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮ માટે મનપાનું તંત્ર ગંભીર બન્યુ છે અને શહેરનો સમાવેશ સ્વચ્છ-શહેરોની યાદીમાં જળવાઈ રહે તે માટે સેકટરોની સઘન સફાઈ અભિયાન સહિત અનેકવિધ કાર્યક્રમો સ્વચ્છતાને લઈ હાથ ધર્યા છે જે નોંધનીય છે.



સિરામિક એકઝીબીશન : ગાંધીનગરના એકઝીબીશન સેન્ટર સેકટર-૧૭ ખાતે ૧૬ થી ચાર દિવસ માટે સિરામિક એકઝીબીશન આરંભાશે. છેલ્લા ચાર દિવસથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ફિલપકાર્ટ દ્વારા મેડ ફોર ઈન્ડિયા બિલિયન કેપ્ચર પ્લસ સ્માર્ટફોન લોન્ચ કરાયો

ગાંધીનગર, તા.૧૩

ભારતનું સૌથી વિશાળ ઈ કોમર્સ મંચ ફિલપકાર્ટ દ્વારા આજે તેનો પ્રથમ મેડ ઈન ઈન્ડિયા સ્માર્ટ ફોન બિલિયન કેપ્ચર પ્લસ લોન્ચ કરાયો હતો. જે ભારતીય ગ્રાહકોની અજોડ જરૂરતોને પહોંચી વળવા માટે ખાસ લોન્ચ કરાયો છે. આ ફોનની ભારતમાં ડીઝાઈન,એન્જીનિયર્ડ, ઉત્પાદન અને પરિક્ષણ કરાયું છે. તે ફિલપકાર્ટના પ્રાઈવેટ લેબલ બિલિયનનો હિસ્સો છે અને ૧૫ નવેમ્બરથી ફિલપકાર્ટ પર ખાસ વેચાણમાં મુકાશે.

બિલિયન કેપ્ચરમાં ટોચની કક્ષાના ફિચર્સ છે. જેમાં ૧૩ એમપી રીઅર કેમેરા, કિલક ચાર્જ સાથે લાંબી ટકાઉ બેટરી, ઉત્તમ મલ્ટીટાસ્ટિંગ સાથે શકિતશાળી સ્નેપડ્રેગન ૬૨૫ ઓકટ્રાકોર પ્રોસેસ, સહિત ફિંગરપ્રિન્ટ સેન્સરનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ફિલપકાર્ટના સહ સ્થાપક ચેરમેન સચિન બંસલે જણાવ્યું હતું કે આ ફોન ગ્રાહકોને આનંદ આપીને રહેશે તેવી અમને ખાતરી છે. બિલિયન કેપ્ચર ફોનમાં મોટાભાગની ગ્રાહકોની જરુરીયાતોને ધ્યાને રાખીને બનાવાયો છે. જેમાં આકર્ષક કિંમત અને ખરા અર્થમાં મેડ ફોર ઈન્ડિયા ફોન સાબિત થશે.

# ચૂંટણી સંબંધી ફરિયાદો માટે આજથી કંટ્રોલરૂમ

રાજયમાં આગામી માસમાં બે તબકકામા વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે આ અગાઉ રાજય ચૂંટણીપંચ દ્વારા આવતીકાલથી ૧૮ ડીસેમ્બર સુધી ચૂંટણી સંબંધી ફરિયાદોના નિકાલ માટે કંટ્રોલરૂમ શરૂ કરવામા આવનાર છે.આ અંગે રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી બી.બી.સ્વૈને એક યાદીમાં જણાવ્યા મુજબ,રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ૯ અને ૧૪ ડીસેમ્બરના રોજ બે તબકકામા ચૂંટણી યોજાવા જઈ રહી છે.આ સંદર્ભમાં મળતી ફરિયાદોના ઝડપથી અને અસરકારક નિરાકરણ થાય એ હેતુથી આવતીકાલ ૧૪ નવેમ્બરથી સામાન્ય વહીવટ વિભાગ,ચૂંટણી પ્રભાગ,બ્લોક નંબર-૬, બીજો માળ,સરદાર ભવન,સચિવાલય,ગાંધીનગર ખાતે એક કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવશે.આ કંટ્રોલરૂમ ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી સવારના ૧૦.૩૦ કલાકથી સાંજના ૬.૦૦ સુધી અને ૧ ડીસેમ્બરથી ૧૮ ડીસેમ્બર સુધી સવારના ૬.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી કાર્યરત રહેશે.આ કંટ્રોલરૂમ દ્વારા માત્ર ચૂંટણીલક્ષી ફરિયાદો અને રજુઆતો સ્વીકારવામા આવશે.જેના સંપર્ક નંબર-૦૭૯-૨૩૨૫૮૫૮૬ અને ૨૩૨૫૮૫૮૭ રહેશે.


KALPA-TARU®

POWER TRANSMISSION LIMITED

Registered Office : Plot No. 101, Part III, G.I.D.C. Estate, Sector - 28, Gandhinagar - 382 028
CIN : L40100GJ1981PLC004281
Tel No: +91 79 2321 4000 Fax : +91 79 2321 1966 E Mail : mktg@kalpatarupower.com

**Extract of Unaudited Standalone Financial Results for the Quarter and Half Year ended September 30, 2017**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Quarter Ended September 30, 2017 | Half Year Ended September 30, 2017 | Quarter Ended September 30, 2016 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 1,22,280 | 2,42,969 | 1,14,325 |
| 2 | Net Profit for the period (before tax and exceptional and / or extraordinary items) | 10,656 | 21,431 | 8,826 |
| 3 | Net Profit for the period before tax (after exceptional and / or extraordinary items) | 10,656 | 21,431 | 8,826 |
| 4 | Net Profit for the period (after exceptional and / or extraordinary items and tax) | 7,149 | 14,194 | 5,781 |
| 5 | Total Comprehensive Income for the period (comprising profit for the period after tax and other comprehensive income after tax) | 8,131 | 14,724 | 5,831 |
| 6 | Equity Share Capital (Face Value of ₹ 2 each) | 3,069 | 3,069 | 3,069 |
| 7 | Other Equity (excluding Revaluation Reserve)* | | | |
| 8 | Earnings Per Share of ₹ 2 each (not annualised) (₹) (for continuing and discontinued operations) | | | |
| | a) Basic | 4.66 | 9.25 | 3.77 |
| | b) Diluted | 4.66 | 9.25 | 3.77 |

*Reserves excluding revaluation reserve for the year ended as on March 31, 2017 was ₹ 2,44,773 Lakhs.

**Notes:**

1 The above is an extract of the detailed format of quarterly financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the financial results is available on the Stock Exchanges' websites, www.nseindia.com, www.bseindia.com and on the Company's website **www.kalpatarupower.com**.

2 Consequent to introduction of Goods and Service tax (GST) with effect from July 1, 2017, Central Excise, Service Tax, Value Added Tax (VAT), etc. have been subsumed into GST. In accordance with Indian Accounting Standard and Schedule III of the Companies Act, 2013, GST is not included in Revenue from operations. In view of the aforesaid restructuring of indirect taxes, Revenue from operations, Excise Duty and Other Expenses for the quarter and half year ended September 30, 2017 are not comparable with the previous periods.

3 The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on November 13, 2017. The same have been subjected to Limited Review by the Statutory Auditors.

4 The previous periods' figures have been regrouped/ rearranged wherever considered necessary.

For and on behalf of the Board of Directors

**Manish Mohnot**
**Managing Director & CEO**
**DIN : 01229696**

**Place : Mumbai**
**Date : November 13, 2017**

To support green initiative of the Government in full measure, Members who have not registered their e-mail addresses, so far, are requested to register their e-mail addresses in the following manner:

a. In respect of electronic holdings with the Depository through their concerned Depository Participants.

b. Members who hold shares in physical form are requested to register their e-mail ID with rahul.shah@kalpatarupower.com quoting your name and folio number.